---

---

# મે. સુરતના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ બીજી કોર્ટ, સુરત

**ફોજદારી કેસ નં.**

**ફરિયાદી :– સરકાર શ્રી**

**વિરુદધ**

| | |
|---|---|
| **આરોપી :–(૧)** | **(૬)** |
| **(૨)** | **(૭)** |
| **(૩)** | **(૮)** |
| **(૪)** | **(૯)** |
| **(૫)** | **(૧૦)** |

**બાબત :– ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૨ મુજબ આરોપીઓની જુગારધારા કલમ–૧૨ મુજબના ગુનાના કામે કબુલાત અન્વયે ચુકાદો.**

## <u>ચુકાદો</u>

૧. આ કામે ફરિયાદ પક્ષે એવી હકીકત છે કે આ કામના આરોપીઓએ સુરત પોલીસ સ્ટેશનની હદમાં જુગારધારા કલમ–૧૨ અન્વયેનો ગુનો કરેલ. જેથી **<u>સુરત પોલીસ સ્ટેશન ખાતે આરોપીઓ વિરુદધ ગુના રજી.નં–પાર્ટ–બી– /</u>** થી ગુનો નોંધી તપાસના અંતે ચાર્જશીટ રજુ રાખેલ.

૨. હાલના કામે આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થયેલ અને તેઓને આક્ષેપિત ગુનો કબુલ હોય તે મતલબની પુરસીસ રજુ રાખેલ. સદર પુરસીસ આરોપીઓને વાંચી સંભળાવતા તેની હકીકત તેઓએ કબુલ મંજુર રાખેલ અને આમ,કબુલાત સ્વેચ્છિક જણાઈ આવતા રેકર્ડ કરવામાં આવેલ. આરોપીઓએ નો કલેઈમ પુરસીસ રજુ રાખેલ છે. ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં પણ આરોપીઓએ ગુનાની કબુલાત કરેલ છે.

૩. આરોપીઓ સામે આક્ષેપિત ગુના અંગે થઇ શકતી મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવી. આરોપીઓએ જે ગુના કબુલાતની પુરસીસ આપેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે તેઓ ગરીબ માણસ છે, ઘરમાં પોતે એક જ કમાનાર વ્યકતિ છે, ઘરના તમામ વ્યક્તિની ભરણપોષણની જવાબદારી તેમના પર

છે, આ તેઓનો પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહીં કરે તેની ખાત્રી આપેલ છે અને દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

૪. આરોપીઓની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમાં લેતા, તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર ૭૦૯** પર પ્રસિધ્ધ થયેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેતા કેસના સંજોગો લક્ષમાં લેતા જો પૂરતા કારણો જણાય તો અદાલત ન્યૂનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે.

૫. આરોપીની કબૂલાત પુરસીસને લક્ષમાં લેતા, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆત લક્ષમાં લેતા, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી કુટુંબનો આધાર હોય, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી દ્વારા કરવામાં આવેલી રજૂઆતને લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત ચુકાદાઓમાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય, જેથી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ કરતી વખતે પણ આરોપીની દારુણ અવસ્થાને ઉવેખી શકાય નહીં, આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમાં લેતા, ઉપરોક્ત ખાસ અને પૂરતા કારણો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીઓને જુગારધારા કલમ-૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૩૦૦/-(અંકે રૂપિયા ત્રણસો પુરા)નો દંડ કરવામાં આવે છે. કુલે રૂ. /- (અંકે રૂપિયા ) જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન-૧ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે. આ અગાઉ કરેલ મુદામાલનો હુકમ કાયમી રાખવામા આવે છે તથા રોકડ મુદામાલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ-૧૨ મી માહે માર્ચ સને-૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા-૧૨-૦૩-૨૦૨૨
સુરત

**(હિમાંશુ ચૌધરી)**
**જે.એમ.એફ.સી.બીજી કોર્ટ,સુરત**
GJ01180